Reg no. 39

કવિ રેવાશંકર કૃત

નરસિંહ મેહેતાના બાપનું શ્રાદ્ધ.

છપાવી પ્રસિદ્ધ કર્તા,

શા. ચીમનલાલ લલ્લુભાઇ બુકસેલર.

ઠે. માણેકચોક—અમદાવાદ.

સને ૧૯૨૬. પ્રત ૪૦૦૦. આવૃતી મી.

શ્રી પ્રજાહિતાર્થ મુદ્રણાલયમાં પટેલ ભીખાભાઇ હનપતરામે
છાપ્યું. ઠે. શાહપુર નાગોરી—અમદાવાદ.

કીંમત રૂ. ૦—૨—૦

નરસિંહ મેહેતાના બાપનું શ્રાદ્ધ.

રાગ છપય-જુનાગઢ નીજ ગામ, વિપ્ર ત્યા નાગર કહાવે;
નરસૈં મ્હેતો રંક કૃષ્ણના તે ગુણ ગાવે ૧
વાલા વિશ્વાધાર, વિપ્રની વાહારે આવે;
તે તાતનું શ્રાદ્ધ, સપ્તમી સોમે કહાવે. ૨
વણુસીધર વડો ભ્રાત, મોટાઇ મનમાં લાવે;
મોતીએ કર્યો વિચાર, શ્રાદ્ધ નીજ ઘેર ઠરાવે. ૩
જાય મહેતા વ્રત કાજ ધ્યાન ઓછવમાં ધરાવે;
રેવાશંકરનો શીરદાર, ભગતની વારે આવે. ૪

ઢાળ—હાંહારે મોક્ષનું પદ જેણે દીધું, મીરાંનું વિષ અમૃત કીધું;
તે મહેતાને કાજ કાવે, વિપ્રનું રૂપ ધરીને આવે.
શ્રાદ્ધ આ કોઇ ચિત ધરશે, તેની તો પેઢી સાતે તરશે,
મહેતાએ એનું નામ લીધું, કૃષ્ણજી માટે શ્રાદ્ધ કીધું,
નાગર બ્રાહ્મણ નરસૈં મહેતો, જેણે કૃષ્ણનું ધ્યાન ધર્યું;
મેહેણું ભાગવા મહેતાજીનું આવી સામળે શ્રાદ્ધ કર્યું.

લાવણી—જુનાગઢના મહેતા રહેવાસી, ભ્રાત જે વણુસીધર કરતા
પીતા શ્રાદ્ધનો દીવસ આવ્યો, વણુસીધર પોતે કરતાં,

એમ કરતાં પીત્રા દીન આવ્યો. સામગ્રી આ તૈયાર કરી,
નાત જાત ને સગાં સંબધી, તેને કારણે વાત ધરી.

ઢાળ—ત્યાં વણસીધર કે વચન સુણોને મારૂ,
કાલે શ્રાદ્ધ પીતાનું વેલો આવે તો સારૂ.

એટલી અમ ઉપર મહેર તમારે ધરવી.
કાલે આવીને રસોઇ સારી કરવી.
એમ વાતચીત નાગરને પુછી પુઠે નોતરૂ ત્યાર કર્યું.
મેણું ભાગવા મહેતાજીનું આવી સામળે શ્રાદ્ધ કર્યું.

લાવણી—વણસીધર ત્યા દેઇ નોતરાં, સર્વે જનને મન ભાવ્યા.
સર્વ લોકને કહ્યા, પછી તે મહેતાને મંદીર આવ્યા.

દ્વારે આવીને બોલ્યા મુખથી કરી ગર્વ મનમાં ભારે;
નરસૈયા અલ્યા કહુછું નોતરું કાલે આવજે ઘેર મારે.

ઢાળ—કાલે પ્રાતઃકાળે વેલો રસોઇમાં ભળજે,
અલ્યા લાવી પત્રને પત્રાળાં તું કરજે,

જળ ભરવાને કાલે સ્ત્રી તારી મોકલજે,
સાંભળ વહુ ખારૂ મીઠું પાણી તું ભરજે,

બેઠો બેઠો તું ચંગ વગાડે, જીવતા સુધી તારૂ પેટ ભર્યું,
મેણું ભાગવા મહેતાનું આવી સામળે શ્રાદ્ધ કર્યું.

લાવણી—નાત જાતમાં નામ ન કાડયું તારા સંગથી વેરાગી
વરા વાજને શ્રાદ્ધ પિતાનું કરવું નહીં ને ખાવું માગી
વેલો આવજે મંદીર મારે કામ કાજ સૌપાં ભરવા;
દેઇ જા ગાંસડી આપું ઘઉની તારી સ્ત્રીને દળવા.

ઢાળ—તું સાંભળ નરસૈયા સાચી સીખામણ મારી
કાલે પરહરજે તું ટોળી વૈરાગીના તારી. ૧
નહિ સાજુ વસ હું કહું શું વાત વિચારી
તારા દેખી ઢંગ ને દુઃખ પામું હું ભારી. ૨
તારા સંગ તો વાત કરતાં અવર લોક દેખીને ડરૂ,
મેણું ભાગવા મહેતાનું આવી સાંભળે શ્રાદ્ધ કર્યું ૩

લાવણિ—કઠણ વચન ત્યાં એવું સાંભળી મહેતાજી બોલ્યા વાણી;
મુરખ ભાત તું શું બોલે છે, નીચ બુદ્ધિ તારી જાણી ૧
હું દુર્બળ પણ હરીજન કાવું, તારે મોહોલે હું નહિ આવુ,
શીદને ગર્વ તું મનમાં ધરે છે રંક જનને શું ખાવું ૨

ઢાળ—મુને હરીએ રંક નાગરના કુળમાં કીધો.
મુને પિતારે ઉપાડી સે ના લીધો. ૧
આ કઠણ વચન તારૂ વીષ કરી મેં પીધું
મને જન્મ્યા પહેલું મુરખ મેંણું દીધું. ૨
ઘટતુ નથીરે મને ભોજન કરવું લાગ્યું વેમ ઉર બાણ્યભર;
મેહેણું ભાગવા મહેતાનું આવી સાંભળે શ્રાદ્ધ કર્યું ૩

લાવણી—એવાં વચન મેતાનાં સાંભળી વણસીવર નિજ ઘેરગયો
મેતી મનમાં ભાહી દુઃખ પામી કઠણ બોલ મેહેતાને કહયો
સાંભળો કંથ સ્વામીજી મારાં સુંગા બાઇ કે સીર નાંમી
પડી નાથજી હાથ તમારે કોઇ દીન સુખ હું નવ પામી

ઢાળ—આ લાગ્યું તમારે જન્મ સુધી ગાવું
સૌ નાત જાતમાં નીચું નાક કરી ખાવું.
વળ કાલ સવારે તો પિતા શ્રાદ્ધ આવ્યું

મારે મરણ થયે પણ નથી જેઠ ઘેર જાવું;
એવું કહીને રૂદન કરે છે, નેત્ર માંહી નીર ભર્યું
મેણું ભાગવા મેહેતાજીનું આવી સામળે શ્રાદ્ધ કર્યું.

લાવણી—નથી સ્વાદ ભોજનનો કીધો વસ્ત્ર અંગે તો નવ પામી,
જીવણ વસ્ત્રમાં જન્મ ગુમાવ્યો લખી કર્મમાં શી ખામી.
માટે કંથ મેહેતાજી મળવા. એવું દુઃખ આ ક્યમ સહીએ,
કર જોડીને કહું છું વિનતી કાલે જેઠ ઘેર નહીં જઇએ

ઢાળ—તમે સાંભળો કંથજી લોહડીઆમાં રહીએ'
મોટી ખાપણ લાગે શું મુખ લેઇને ખાઇએ 1
તમે શ્રાદ્ધ કરો ઘેર વિપ્ર પાંચને કહીએ;
આ કહ્યાં વચન જે કઠણ તમારા ભાઇએ. 2
તે લખ્યું રૂદેમાં સત્ય નાથજી નોતું જાણ્યું આ કપટ ભર્યું;
મેણું ભાગવા મેહેતાજીનું; આવી સામળે શ્રાદ્ધ કર્યું. 3

લાવણી—એવા વચન મેહેતીનાં સાંભળી મેહેતાજીનું મન ડર્યું
કોડી એક મુજ પાસ મળે નહિ, કહેને શ્રાદ્ધ હું કેવું કરૂં
દ્રવ્ય વીનાનું વૃથા જીવવું દ્રવ્યવાનને માન મળે;
દ્રવ્યવંતને સૌ ડહયો કે', દ્રવ્ય વિના ઘેનામાં ભળે.

ઢાળ—કો દ્રવ્ય વિના તો હીંડે વનમાં ફરતા
કો દ્રવ્ય વિના તો વિના મોતથી મરતા
કો દ્રવ્યને કાજે તે પરનો પ્રાણ પરહરતા,
કો દ્રવ્યને કાજે તો કઠણ કાસદાં કરતા,
દ્રવ્ય વિનાનું કામ નથી કાંઇ દ્રવ્યવંતનું કામ પડ્યું;
મેણું ભાગવા મહેતાજીનું આવી સામળે શ્રાદ્ધ કર્યું.

લાવણી—મેહેતી વળતી વચન વદે. એક વીનંતી સુણો મારી
આપું વાળી એક હીર તણી તે વાસ પાચની છે મારી
વાળી વણીકને ઘેર ધરાવો એક સત્ય વિચાર કર્યો
લાવો તે પર સૈ સામગ્રી વળતા કંથજી શ્રાધ કરો.

ઢાળ.—મેહેતાને મેહેતીએ વાળી કરમાં આપી
લેઇ ચાલ્યા વણિકને ઘેર ધીરજ મન વ્યાપી. ૧
જઇ કહે વણીકને વાળી કરમાં લ્યોને
ઘઉં ગોળ દાળ ને તાંદુલ અમને દોને ૨
વાળી લેઇને સર્વ આપીયું ગયવીણુ સરસે ખરૂં
મેહેણું ભાગવા મેહેતાજીનું આની શામળે શ્રાદ્ધ ક્યુંં

લાવણી—સામગ્રી સરવે આપી ત્યાં મેહેતા મનમાં હરખાયા.
ઘઉં ગોળ ને દાળ તાંદુલ તે સરવે લેઇ ઘેર આવ્યા.
સોંપી નારને સૌ સામગ્રી, જગત સાર જુગમાં લેવા,
રસોઇ કરોને નૌતમ નારી, જાવું નોતરાં હું દેવા

ઢાળ—ત્યાં નારી કહે તમે પાંચ નોતરા દેજો,
કોઇ અવરને કોહો તો આવી મુજને કહેજો ૧
એવી સૂણી વાત મેહેતાજી નાગરમાં આવ્યા,
ત્યા પચાસ સાઠ નાગર નાતના બોલાવ્યા ૨
કાલે શ્રાધનું કહુ છું નોતરૂ સર્વ જણને હુંએ ખરૂં
મેહેણું ભાગવા મેહેતાજીનું આવી શામળે શ્રાદ્ધ કર્યું ૩

લાવણી—એમ કહીને મેતાજી ચાલ્યા દ્વાર દીઠ સૌને કહે છે,
નાગર કહે નરસૈ થયો ઘેલો શા માટે મેણા દે છે,
કોઇ કહે વરસ સીતેરની વાતો, એને જઇ છે મેં નાણી,
આજ શ્રાદ્ધનું દે છે નોતરૂં; એક વાત અચરત જાણી.

ઢાળ—કોઇ કહે ભાસો એનો આપડે ધરીએ
તજી વણસીધરનું ઘર ને ભુખે મરીએ. ૧
એતો જમણવેળા એ તુળશી હાથમાં મુકે.
એ સર્વે ગેરાગી શંખનાદ ત્યાં ફુકે, ૨
એ કરતાં વણસીધર સારો, મીથ્યા નોતરૂ આએ કર્યું,
મેણું ભાગવા મહેતાજીનું આવી શામળે શ્રાધ કર્યું",
લાવણી—સર્વ નાતમાં દેઇ નોતરાં, મેહેતા મંદીર ભણી વળ્યા.
સકળ નાત નાગર ત્યાં સરવે મેહેતાને મારગમાં મળ્યા.
નમસ્કાર મેહેતાએ કરીને, સૌને નોતરૂ ત્યાં દીધું
સકળ વિપ્ર હરખાયા મનમાં મેહેતે આજ આ શું કીધું
ઢાળ—કોઇ કહે અમરથા મેહેતો બોલે વાણી.
કોઇ કહે ખરૂ ભાઇ પ્રસન સારંગપાણી ૧
ત્યાં મળી નાગરે વિચાર મનમાં કીધો,
એક સાચો જુઠો ઉત્તર મેહેતાને દીધો ૨
પ્રથમ પેહેલું ભોજન જયાં થાશે, તેને ઘેર સૌનેય ખરૂ,
મેણું ભાગવા મહેતાજીનું આવી શામળે શ્રાદ્ધ કર્યું, ૩
લાવણી—તેહ સુણી મેહેતાજી આવ્યા વણસીધરને દ્વાર;
કહ્યું ભાત સરવેને નોતરૂં. કાલે આવજો ઘેર મારે. ૧
એમ કહી આવ્યા નીજ મંદીર બેસી હાથ માળા લીધી;
સરવે શેઠો ત્યાં સેન કર્યું પણ મેહેતે અરજ કરીને કીધી. ૨
ઢાળ—એમ કરતાં પ્રાતઃકાળ થયો ત્યાં જયારે,
સહુ ભીક્ષુક ભગત જન ઉઠયા સરવે ત્યારે, ૧
ત્યાં મેહેતા મહેતી ધ્યાન કૃષ્ણનું ધરતાં
સહુ સાધુ તણી સામગ્રી બને કરતાં ૨

મહેતી કહે તમે સુણો કંથજી વૃતવીણુ સરવેજ બાર,
મેંણું ભાગતા મહેતાજીનું આવી શામળે આધ કર્યું.
લાવણી—જાવો મહેતાજી ઘ્રત લેઇ આવો, એવી શીખ મેહેતીએ કહી
મેહેતાજી ત્યાં તતપર થયાને, દંત તાંબડી હાથ ગ્રહી
રસોઇ કરો મેહેતીજી સારી, ઘૃત લેઇને હું આવું,
એમ કહીને ગયા નગરમાં, બીક્ષુક જનને મન ભાવ્યુ
ઢાળ—દસ વૈશ્નવ બેઠા ધ્યાન કૃષ્ણનું ધરતા,
આવો મેહેતીજી હમણા યાદ હમે તો કરતા ૧
આસન ત્યાં આપ્યુ મેહેતા મનમાં ભાવ્યા,
ધન્ય ભાગ્ય હમારૂ મેહેતા તમે અહીં આવ્યા, ૨
પાવન અમને કરો મેહેતાજી, તમને દેખી મારૂ મન ઠર્યું,
મેણું ભાગવા મેહેતાજીનુ આવી શામળે આધ કર્યું. ૩
લાવણી—કીરતન કો કંઇ ભજન કરોને આજ આનંદ અમને આપો
મેહેતો કહે મારે શ્રાધ પીતાનું, આટલી તાંબડી ઘૃત આપો,
વાણીક કહે અમે પુઠે દઇશું, એવી સાખ સર્વે દીધી.
પેલી તાંબડી દુરજ નાખી, મેહેતે કાંસી કરમાં લીધી
ઢાળ—એ સરવ મંડળી ઓછવ કરવા બેઠી,
પેલી ઘર કામની ચીંતાતુરમાં પેઠી
ત્યાં થયા જંત્ર મધ્યાનજ પુરણ સાર,
આવ્યા નાગર જોવા કરે છે મન વીચાર, ૨
ઘણું ઘરમાં આવે ને જુવે બારણે નાગર મનમાં કપટ ભર્યું
મેણું ભાગવા મેહેતાજીનું આવી શ્રાધ કર્યુ.
લાવણી— રૂદન કરે ગંગાબાઇ ઘરમાં, જુગત લોક મેણાં દેશે,
મળશે નાત નાગરની ટોળે. કૃષ્ણ આબરૂ કયમ રહેશે,

હું દુઃખીજનને દુઃખ મોટું, મેહતા ધ્યાનમાં ક્યડી હરી;
રંકની વહારે વહેલા આવજો, ગત હમારી શી થાશે. ૬

ઢાળ—ઓ દીનબંધું ભગવાન દાસના બેલી,
મોરલીધર મોહન તમ વીના હું ઘેલી, ૧
નટવર હરી હો નંદલાલ મોરારી,
ત્રીકમજી તમારો મુજને ભરૂસો ભારી. ૨
એમ કહીને કરી વીનંતી મનમાં કૃષ્ણનું ધ્યાન ધરયું;
મેણું ભાગવા મેહેતાજીનું આવી શામળે શ્રાધ કરયું. ૩

લાવણી—અરજ સુણી મહેતાની સાંભળે તરત ધાયા અંતરજામી;
અડી હાથ લક્ષમીજી બોલ્યાં, તુરત શામને શીરનામી. ૧
ગજની વહારે ગયા કૃષ્ણજી, પંચાળીની રાખી લાજ;
કહા તેલ સુધનવા તરયો, આજ ઉડીયા કોને કાજ. ૨

ઢાળ—કહે કૃષ્ણ લક્ષમીજી આજનો વારો,
કો ધ્યાન ધરે ઓચ્છવમાં ભક્ત તમારો ૧
તેને ઘેર શ્રાદ્ધ પીતાનું છે નીરધાર;
તે રહ્યા ઓચ્છવમાં કરૂં હું તેની વાહાર. ૨
ઓધવ માધવ સરવે આવજો કૃષ્ણ રંકનું રૂપ ધર્યું;
મેણું ભાગવા મહેતાજીનું આવી શામળે શ્રાદ્ધ કરયું. ૩

લાવણી—નરસૈંયાનું રૂપ ધરીને, આવ્યા તાંબડી લેઇ હાથે,
આપી તાંબડી આખળા કરમાં દીનબંધું દીનાનાથે.
ગંગાબાઇ કહે સુણો મહેતાજી, અવર કામની દુર ધરો;
તેડી ગોરને વહેલા ચાલો, વળતી કંઠજી શ્રાદ્ધ કરો.

ઢાળ—એવું સુણી મેહેતાજી ગોરને તેડી લાવ્યા,
તમે વેહેલા ચાલો એમ કરતા મંદીર આવ્યા.

ત્યાં અમ્રત દ્રષ્ટિએ અવિનાશીએ જોયુ;
મેહેતાના ઘરનું કોટી દુઃખ ત્યાં ખોયુ. ૨
કંચન બાજઠ આપ્યા ગોરને, ગંગા નીર પીવાને ભરયુ;
મેણુ ભાગવા મેહેતાજીનુ આવી શામળે શ્રાદ્ધ કરયુ ૩

લાવણી—મહેતાજી ત્યાં બોલ્યા મુખથી, સકળ લોકને પરવરો;
શાળા એક સુંદર દેખાડી, જાઓને બાઇ ત્યાં રસોઇ કરો,
એમ કરતાં ઓધવજી આવ્યા વેશ સર્વે વણઝારાનો;
ખરૂ પુન્ય નરસૈયા તુંજને, શ્રાધ પીતા દીન મારાનો.

ઢાળ—ત્યાં નરસઇયો કહે, આ પુન્ય સરવે તારે.
દીજ શહેર નોતરયા, ને ઘેર અમારે, ૧
ત્યાં લોટ દાળને તાદુલ ઘી ને ગાર,
સાકર શામળીએ આપી ત્યા નિરધાર.
નાગર લોક ત્યાં રસોય કરે છે મેહતે વજ્ર લેઇ ધામ ધરયુ
મેણુ ભાગવા મેહેતાજીનું આવી શામળે શ્રાધ કર્યું.

લાવણી—પોતે નાહીને શ્રાધ કરે છે જરી પીતાંબર ત્યા પહેરી,
કનક ઉતારી આપી ગોરને, લાલ શાન શુદર ઘેરી;
નરહરી નાર બેઠને મુકે, અમારા પુરમાં મોક્ષ ધરે.

ઢાળ—ધકોતેર પહેડી પ્રીતમજી ઓધાર્યારે
ત્યાં આપો આપ અવિનાશી ચઢીયા વાહારેરે
ત્યાં કરી શ્રાધ કમળા વર ઉઠયા જયાંહી,
કંચન મોતી દોશાલા વેંચી ત્યાંહી ૨
કોટી મોહોર બ્રાહ્મણને આપી નરશઇયાનું કુળ તર્યું,
મેણું ભાગવા મહેતાજીનું આવી શામળે શ્રાદ્ધ કર્યું

લાવણી—શ્રાદ્ધ કરી શામળીઓ ઉઠયા, સર્વે જનને મન ભાવ્યા;
કેવા લાજ મહેતાની નાગર નરસઇયાના ઘેર આવ્યા.
નાગર કેટલા મન વિચારે પહેલા, મહેતાને ઘેર જઇશું,
લાજ લઇ ફાડી પતરાળાં, વણુસીધરને ઘેર જઇશું.
ઢાળ—એમ કહી નાગરી નાત મળી સૌ ટોળે,
ત્યાં ગર્વ ભરેલી વાંકા વેણુ બીઓ બોલે,
બલી આ ધુમાડો પેશા ઘરમાં જાએ;
કોઇ કહે વણીકનું ઘર ત્યાં શું થાએ.
કઠણુ વચન ત્યાં કહે કામની, મહેતે વસ્ત્ર લેઇ ધામ ભર્યું
મહેર ભાગવા મહેતાજીનું આવી શામળે શ્રાદ્ધ કર્યું
લાવણી—મહેતાએ સઉને શાળા આપી, સર્વે નાત ત્યાં જઇ બેઠી;
ભોજન નીકળ્યા ભાત ભાતના, સઉને મન ચીંતા પેઠી.
કોઇ કહે એને કાવસ નહોતું કોઇ કહે દ્રવ્ય નગદી દાટયું.
કોઈ કહે ઢોંગથી ટોળે કીધું, કોઇ કહે શામળ શું ચાટ્યું,
ઢાળ—બરફી પેંડા ઘેબરને દુધપાક,
મગદલ મેસુર શીરો પુરી શાક
દસ વીસ મહોરો મોતીમાળા માગીયાર,
ત્યાં આપે વહેંચીને જીવણુ જુગદાધાર.
એવું દેખીને ગંગાબાઇ સુજને આપો હું અંગ ધરૂં.
મહેણું ભાગવા મહેતાજીનું શામળે શ્રાદ્ધ કર્યું.
લાવણી—મહેતે તો માયા પુર કીધું, કાંઇ નાથ સુજને દોને,
મહેતે દાબડા સરવ બતાવ્યા. સારો જોઇ માંહીથી લ્યોને.
મહેતી તે દાબડો સારો લઇને, આ ભુષણું સરવે અંગ ધરે
શામળીઓ શણુગાર ધરાવે કનક કેસરી આડ કરે,

ઢાળ—ત્યાં રૂપલદગી તોલનારી નિહાળી,
તે આખી નાતમા નગરી રહી સઉ ભાળી.
ત્યા ગર્વ તજી નાગર કે ધન્ય કરણી.
ખાઇ પરમ ભાગ્ય તું નરસઇ આને પરણી.
મહેતી કહે મારે વગર નોતરે કાલે વણુસીધરને ઘેર કર્યું
મેણું ભાગવા મહેતાજીનું આતા શામળે શ્રાદ્ધ કર્યું.
લાવણી—નાત સર્વને આપી દક્ષણા પુરણ શ્રાદ્ધનો કર્યો વરો,
નાગર ભોજન કરીને ચાલ્યા ભોજન મહેતા તમે કરો.
મહેતો કહે હું ત્રપ્ત થયો પ્રભુ વિપ્ર સર્વ જમી ગયા.
કાઢી સર્વ પતરાળા પોતે, અંતરધ્યાન શ્રીકૃષ્ણ થયા.

ઢાળ—ત્યાં જઇ શામળે મહેતાને બુદ્ધિ દીધી
પેલી કાંશી નાંખીને તરણે તાણ લીધી.
મારે ઘેર શ્રાદ્ધ છે, ચીતામાં ચીતા વ્યાપી;
એવું જાણી વણીકે તાબડી ભરીને આપી
તે લઇ મહેતાજી આવ્યા વાટમા મળ્યા વિપ્રને મન કર્યું
મહેણુ ભાગવા મહેતાજીનુ શામળે આવી શ્રાદ્ધ કર્યું
લાવણી—વદે વિપ્ર ત્યાં ધન્ય મહેતાજી ભલો તમે તો કર્યો વરો;
ભાલ દોશનત અમને આપી, વણુસીધરપર છેક કર્યો,
એમ લોક મહેતાજીને કહે છે મહેતે સાની ચેષ્ઠા જાણી
નીરમુખ પાછાં વળ્યાંરે બ્રાહ્મણ માટે વાંકી બોલે વાણી.

ઢાળ—એમ કરતાં આવ્યાં પોળની માંહે,
અતિ પતરાળાનો ઢગ પડયો છે ત્યાંહે.
ત્યાં મહેતો આવી હરખ્યા પુરણ મન.

ઘૃત શાક લાવ્યા મહેતી કહે કરો ભોજન
અવકૃ ૧ મહેતાજી વાપર્યું જે કૂપમાં નીર ભર્યું
મહેણું ભાગવા મહેતાજીનું આવી શામળે શ્રાદ્ધ કર્યું;
લાવણી—મહેતાજી ત્યાં સત્ય બોલીવા કારણે પત વાપર્યું
ગ્નાન કરી હમણાં આવું કાન કૃષ્ણનું નવ જાણ્યું
ત્યારે બ્રાહ્મણોએ મન ધરાયા જે કૃષ્ણને ઓળખ્યા મેંરે નહીં
નાત જાતમાં ગ, કરીને ગયા અરસ્પર્શ બાર મહીં
ઢાળ—ધન ધન ગોપાલેશ્વર મારું ભાગ્યું;
હું જન્મ જન્મની અવિચળ પદવી માગું
મારી હુંડી લાજ મોસાળુંરે હરીએ કીધું
આ શ્રાદ્ધ પીતાનું કરજ હતું તે કીધું.
એમ કહીજ આનંદ પામી ભક્ત જનની જી ભરૂ.
મેણું ભાગવા મહેતાજીનું આવી શામળે શ્રાદ્ધ કર્યું
લાવણી—શ્રાદ્ધ આ સર્વ પુરણ કીધું, ભાવ ભક્તિથી જે ગાશે
મનની કામના પુરણ થાશે, પવિત્ર ને નરમેક્ષ જાશે
સરસ શહેર ખંભાતજ માંહિ, આદીચ ટોળકીયા કાવે,
અત્રી ગોત્ર કૃષ્ણાતી કુળમા ભક્તરાજની ગુણ ગાવે.

ઢાળ—જે સદા શામળીઓ તે તો રહે છે
રેવાશંકર ઘણા કરજોડી કહે છે,
જેને સદા સાંય શામળીઓ દીન દયાળ,
આવા ગમત ટાળે ગીરીવરધર ગોપાલ,
રંક રેવાશંકરની વીનતી સુણી શામળે દુઃખ હર્યું
મેણું ભાગવા મહેતાજીનું આવી શામળે શ્રાદ્ધ કર્યું

લાવણિ—શ્રાદ્ધ સાંભળી દાનજ કરશે કૃષ્ણ પીઆરાં કષ્ટ કાપે
. મન વાંછીત ફલ એ સઉ આપે, સિદ્ધિનો પૈસો આપે.
રેવાશંકર કે રાજી થઇ કવિ કોઢમા દેશો ખોડ;
શ્રોતાજન સઉ શ્રાદ્ધ સાંભળી ખરા ભાવે બોલો રણછોડ

સમાપ્ત.

કબીર કાવ્ય.

આમાં મહાત્મા કબીરના દોહરા અને તેમાં રહેલો ગુઢાર્થ ઘણીજ સહેલી ભાષામાં એવો વિસ્તાર પુર્વક સમજાવ્યો છે કે વાંચવાથી સૃષ્ટી, ઇશ્વર લીલા, મૃત્યુ વિગેરે સબંધીનો ઘણોજ ઉત્કૃષ્ટ ખ્યાલ આપે છે ગમે તેવા પાષાણ હૃદયવાળા માણસને પણ આ પુસ્તક સારૂ જ્ઞાન આપી નુતન જીંદગીમાં પ્રવેશ કરાવે છે. પુસ્તક ફકત એકજવાર વાંચવાથીજ તે વારે વારે વાંચવાની પ્રેરણા કરે એવો એમાં અદ્‌ભુત રસ છે. આમાં કુલ ૨૦ અંગ છે અને તે એટલા બધા આકર્ષક છેકે તેનો વાંચવાથીજ સારો ખ્યાલ થશે આમાં મહાત્મા કબીરનો ફોટો પણ અંદર દાખલ કરેલો છે. પુસ્તકનું કદ ૭ા×૫ા ઈંચ લાંબું પહોળું કાગળ ગ્લેઝ ઉંચા પૃષ્ટ સંખ્યા ૪૨૦, પાકું રૂપેરી વર્ખવાળું પુંઠુ છતાં કિંમત રૂ. ૩-૦-૦ પોસ્ટ માફ.